
Test and Trace

**તમે ટેસ્ટ શરૂ કરો તે પહેલાં આખી માર્ગદર્શિકા ધ્યાનથી વાંચો.**
**તમે અગાઉ જેનો ઉપયોગ કર્યો છે તેના કરતાં આ ટેસ્ટ અલગ હોઈ શકે છે.**

# SureScreen SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ કૅસેટ (નૅસલ સ્વૅબ) (ગોલ્ડ) માટે તમારી સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા



આ સૂચનાઓ માત્ર SureScreen Diagnostics SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ કૅસેટનો (નૅસલ સ્વૅબ) (ગોલ્ડ) જ ઉલ્લેખ કરે છે, પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7.

આ માર્ગદર્શિકા સમજાવે છે કે કઈ રીતે તમારો પોતાનો, તમારા બાળકનો અથવા અન્ય વ્યક્તિનો COVID-19 માટે ટેસ્ટ કરવો અને કઈ રીતે તમારાં પરિણામો રિપોર્ટ કરવાં.

ભાષાનાં વૈકલ્પિક સંસ્કરણો અને વિડીયો નિદર્શનો આ લિંક પર ઉપલબ્ધ છે:
gov.uk/covid19-self-test-help

**તમારા ટેસ્ટનાં બધાં પરિણામો NHSને જણાવો**

# તમારે શું કરવાનું છે

## તમારી સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા

સૂચનાઓ વાંચો અને યોગ્ય ક્રમમાં પગલાંઓને અનુસરો. પ્રત્યેક ટેસ્ટ સેટ અપ કરવામાં લગભગ 15 મિનિટ લાગે છે અને પરિણામો 10 મિનિટે તૈયાર હશે.





| | | |
|---|---|---|
| **1** | તમારા ટેસ્ટનો એરિયા તૈયાર કરો અને તમારી ટેસ્ટ કિટની સામગ્રી તપાસો | પાન 6 |
| **2** | તમારું ટેસ્ટ સેટ અપ કરો | પાન 8 |
| **3** | તમારો સ્વૅબ સામ્પલ લો | પાન 10 |
| **4** | સ્વૅબ નમૂના પર પ્રક્રિયા કરો | પાન 12 |
| **5** | તમારું પરિણામ વાંચો | પાન 14 |
| **6** | તમારા પરિણામ અંગે જાણ કરો | પાન 15 |
| **7** | તમારાં પરિણામનો શો અર્થ છે | પાન 16 |
| **8** | ટેસ્ટનો દેખાવ | પાન 17 |
| **9** | તમારા ટેસ્ટનો સુરક્ષિત રીતે નિકાલ કરો | પાન 17 |


## COVID-19 જેમને હોય એવા 3માંથી 1 લોકોને ખબર હોતી નથી કે તેમને આ રોગ છે.

**આ સૂચનાપુસ્તિકા માત્ર** SureScreen SARS-CoV-2 **ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ કૅસેટનો** (નૅસલ સ્વૅબ) (ગોલ્ડ) **જ ઉલ્લેખ કરે છે**

# ટેસ્ટ કરાવવા વિશે સલાહ

## સંગ્રહ અને હૅન્ડલિંગના નિર્દેશો

- ઓરડાના તાપમાને (2-30°C) પૅકેજ તરીકે સંગ્રહ કરો. ઠારશો નહિ.
- કિટનો ઉપયોગ રૂમના તાપમાને (15°Cથી 30°C) કરવો જોઈએ. જો કિટનો સંગ્રહ ઠંડા વિસ્તારમાં (15°Cથી ઓછું તાપમાન) સંગ્રહ કરવામાં આવ્યો હોય તો તેનો ઉપયોગ કરતાં પહેલાં 20 મિનિટ માટે તેને ઓરડાના સામાન્ય તાપમાને મૂકી રાખો.
- પ્રત્યેક વ્યક્તિ માટે અલગ-અલગ ટેસ્ટ કિટનો ઉપયોગ કરો. તમે ટેસ્ટ કિટમાંની પ્રત્યેક વસ્તુનો માત્ર એક જ વખત ઉપયોગ કરી શકશો. વસ્તુઓનો ફરીથી ઉપયોગ કરશો નહિ. તમારે દરેક વ્યક્તિના પરિણામ અંગે જાણ કરવાની રહેશે.
- જો તમને તમારા હાથ કે આંખનો પ્રોબ્લમ હોય તો સ્વૅબિંગ અને ટેસ્ટ કરવાની સહાયતા માટે તમારે કોઈ વ્યક્તિની જરૂર પડી શકે છે.
- જો તમે નાકમાં નથણી પહેરી હોય તો ટેસ્ટ કરવામાં આવે તે પહેલાં નથણી કાઢી લો.
- લોહીવાળા નમૂનાઓનો ઉપયોગ કરવાનું ટાળો. જો તમને છેલ્લા 24 કલાકની અંદર નાકમાંથી રક્તસ્રાવ થયો હોય તો તમારે ટેસ્ટ કરતાં પહેલાં 24 કલાક માટે રાહ જોવી જોઈએ.
- સ્વૅબને અડતી વખતે સ્વૅબની ટોચને અડશો નહિ.
- ટેસ્ટ કિટ અને પરિણામોની વિન્ડોના વિસ્તાર કે જ્યાં નમૂનો ઉમેરવામાં આવતો હોય તેને સ્પર્શ કરવાનું ટાળો.

## ચેતવણીઓ

- ઍક્સપાયરીની તારીખ વીતી ગયા બાદ ઉપયોગ કરશો નહિ. કૃપા કરીને બૉક્સ પર ઍક્સપાયરીની તારીખને અનુસરો.
- કૅસેટ ઉપયોગ માટે તૈયાર ન હોય ત્યાં સુધી સીલ કરેલા પાઉચમાં કૅસેટ રહેવી જોઈએ.
- આ ટેસ્ટ કિટ્સ માત્ર માનવ ઉપયોગ માટે જ બનાવવામાં આવી છે.
- ટેસ્ટિંગની 15 મિનિટ પહેલાં કોઈ નૅસલ સ્પ્રેનો ઉપયોગ કરશો નહિ.
- આ પ્રૉડક્ટને કુદરતી રબર લેટેક્સ વડે બનાવવામાં આવી નથી, પરંતુ છેવાડાના વપરાશકર્તાને ડિલિવર કર્યા મુજબ પ્રૉડક્ટમાં કુદરતી રબર લેટેક્સની હાજરી કે તેના અંશો હોવાની શક્યતાને સંપૂર્ણપણે નકારી શકાય નહિ.

**આ સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન કરો, તમે અગાઉ જેનો ઉપયોગ કર્યો છે તેના કરતાં આ ટેસ્ટ અલગ હોઈ શકે છે.**

પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7

# આ ટેસ્ટ વિશે

## શા માટે તમારે સૅલ્ફ-ટેસ્ટ કરવો જોઈએ

આ COVID-19 સૅલ્ફ-ટેસ્ટ કિટ એ નાક માટેનો એક સ્વૅબ ટેસ્ટ છે. જેઓને કોઈ લક્ષણો ન હોય એવા લોકો માટે તેનો ઉપયોગ થઈ શકે છે, જોકે, તમારા માટે કયા પ્રકારનો ટેસ્ટ યોગ્ય છે તે ચેક કરવા માટે તમારે રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરવું જોઈએ.

## જો COVID-19 માટે તમારો ટેસ્ટ પૉઝિટિવ આવે તો:

- તમારે રોગનો ફેલાવો મર્યાદિત કરવામાં મદદ કરવી જોઈએ, તમારે અને તમારા ઘરના લોકોએ વર્તમાન સરકારી નિર્દેશોનું પાલન કરવું જોઈએ: **nhs.uk/conditions/coronavirus-covid-19/self-isolation-and-treatment/**
- તમારાં લક્ષણો શરૂ થયાં તે અગાઉ છેલ્લા 48 કલાકમાં અથવા જો કોઈ લક્ષણો હાજર ન હોય તો પૉઝિટિવ ટેસ્ટ પરિણામ આવ્યાના દિવસથી તમે જેઓની સાથે ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા હો એવા લોકો અને જે સ્થળોની મુલાકાત લીધી હોય તે અંગે લોકોને જાણ કરો અને સંભવિત COVID-19 ચેપ માટે ટેસ્ટ કરાવવાનું કહો. હંમેશાં સ્થાનિક અને રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરો.

### જો તમારો COVID-19 માટેનો ટેસ્ટ નૅગેટિવ આવે તો

એ શક્ય છે કે ટેસ્ટ કરવામાં આવ્યો હોય તે સમયે તમે ચેપગ્રસ્ત ન હો. જોકે, નૅગેટિવ ટેસ્ટ પરિણામથી એવી કોઈ ખાતરી મળતી નથી કે તમને કોરોનાવાઇરસ નથી. તમારે સરકારી નિર્દેશોનું પાલન કરવાનું ચાલુ રાખવું જોઈએ.

**સલાહ**

**જો તમને ચિંતા થતી હોય તો મદદ મેળવવામાં મોડું કરશો નહિ. તમને પોતાને વધારે ખબર હોય છે.**

જો તમને COVID-19નાં લક્ષણો હોય અથવા COVID-19નો ચેપ લાગ્યો હોય તો કૃપા કરીને NHSના નિર્દેશોનું પાલન કરો: **nhs.uk/conditions/coronavirus-covid-19/**


જો તમને COVID-19નાં લક્ષણો હોય અને તમારી સ્થિતિ વધુ ખરાબ થાય તો અથવા તમને સાત દિવસો બાદ સ્થિતિમાં સુધારો ન જણાય તો NHS 111 ઑનલાઇન કોરોનાવાઇરસ સેવાનો ઉપયોગ કરો **111.nhs.uk**

જો તમારી પાસે ઇન્ટરનેટની સુવિધા ન હોય તો કૉલ કરો **NHS 111.**


તબીબી કટોકટી માટે ડાયલ કરો **999.**

બાળકોમાં COVID-19નાં લક્ષણો વિશે તમે વધુ સલાહ આ લિંક પર મેળવી શકો છો: **nhs.uk/conditions/coronavirus-COVID-19/symptoms/coronavirus-in-children/**

# આ ટેસ્ટ કોના માટે યોગ્ય છે







### 18 વર્ષથી વધુ ઉંમરના પુખ્ત લોકો

સૅલ્ફ-ટેસ્ટ અને રિપોર્ટ, જરૂર જણાય તો મદદ સાથે.

### 12થી -17 વર્ષના કિશોરો

સૅલ્ફ-ટેસ્ટ અને રિપોર્ટ, પુખ્ત વ્યક્તિના નિરીક્ષણ સાથે. જરૂર પડે તો પુખ્ત વ્યક્તિ ટેસ્ટ કરી શકે છે.

### 12 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને

પુખ્ત વ્યક્તિએ 12 વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો ટેસ્ટ કરવો જોઈએ. જો તમને બાળકનો ટેસ્ટ કરવામાં સ્વસ્થતા જણાતી ન હોય તો તમે આ ટેસ્ટ કરશો નહિ. જો બાળકને કોઈ મોટી બેચેની અથવા દુખાવો થાય તો ટેસ્ટ ચાલુ રાખશો નહિ.

## ટેસ્ટ કેટલી વખત કરવો

તમારે કેટલી વખત ટેસ્ટ કરવો જોઈએ તેમાં તમારા સંજોગો અને હાલના રાષ્ટ્રીય અને સ્થાનિક નિર્દેશોના આધારે ફેરફારો થઈ શકે છે.

## વધારાની સહાયતા ક્યાંથી મેળવવી

સૅલ્ફ-ટેસ્ટ માટે વધુ માહિતી આ લિંક પરથી મેળવો: [gov.uk/covid19-self-test-help](gov.uk/covid19-self-test-help)

આ સૂચનાપુસ્તિકા માત્ર SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ કૅસેટ (નૅસલ સ્વૅબ) (ગોલ્ડ), પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7નો ઉલ્લેખ કરે છે.

# 1. તમારા ટેસ્ટનો વિસ્તાર તૈયાર કરો

**અગત્યનું**

કિટનો ઉપયોગ રૂમના તાપમાને (15°Cથી 30°C) કરવો જોઈએ.
જો કિટનો સંગ્રહ ઠંડા વિસ્તારમાં (15°Cથી ઓછું તાપમાન) સંગ્રહ કરવામાં આવ્યો હોય તો તેનો ઉપયોગ કરતાં પહેલાં 20 મિનિટ માટે તેને રૂમના નોર્મલ ટેમ્પ્રેચરમાં મૂકી રાખો.





ટેસ્ટિંગની 15 મિનિટ પહેલાં કોઈ નૅસલ સ્પ્રેનો ઉપયોગ કરશો નહિ



**15** **મિનિટ**

તમને આની જરૂર પડશે: ટાઇમર (જેમ કે કાંડા કે દીવાલ ઘડિયાળ), ટિશ્યૂ, હૅન્ડ સૅનિટાઇઝર અથવા સાબુ અને ગરમ પાણી.



1. આ સૂચના માર્ગદર્શિકા કાળજીપૂર્વક વાંચો.




2. ટેસ્ટ શરૂ કરતાં પહેલાં તરત જ સપાટીને સાફ કરો, સ્વચ્છ કરો અને કોરી કરો.





3. સાબુ અને સાધારણ ગરમ પાણી અથવા હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરીને 20 સેકંડ માટે તમારા હાથ બરાબર ધુઓ.

# તમારી કિટની સામગ્રી ચેક કરો

**4** તમારા ટેસ્ટ બૉક્સમાં તમારી પાસે નીચેની વસ્તુઓ હોવી જોઈએ:




ટ્યૂબ હોલ્ડર સાથે બહારનું બૉક્સ




સીલ કરેલા પાઉચમાં ટેસ્ટ કૅસેટ્સ




પ્રવાહી સૅશે (ઍક્સ્ટ્રૅક્શન બફર કૂપીઓ)




ઍક્સ્ટ્રૅક્શન ટ્યૂબ્ઝ



ઉપયોગ માટે સૂચનાઓ (આ પુસ્તિકા)



પ્લાસ્ટિકની કચરાની બૅગો



સ્વૅબ્ઝ

## સલાહ

**કશુંક નુકસાન પામ્યું હોય, તૂટી ગયું હોય કે ગુમ થયું હોય તો શું કરવું**


જો તમને કંઈ પણ નુકસાન પામેલું, તૂટેલું કે ખૂટતું જણાય તો કૃપા કરીને આ ટેસ્ટ કિટનો ઉપયોગ કરશો નહિ. તમે અમારા ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરીને અભિપ્રાય આપી શકો છો. દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી લાઇનો ખુલ્લી રહે છે.

કૉલ કરો: **119** (મોબાઇલ અને લૅન્ડલાઇનમાંથી મફત).
અમે 200 ભાષાઓમાં તેમજ બ્રિટિશ સાઇન લૅન્ગ્વિજમાં પણ સહાયતા આપીએ છીએ.

જો કોઈ સાધન દ્વારા તમને નુકસાન થાય તો અહીં રિપોર્ટ કરો:
**coronavirus-yellowcard.mhra.gov.uk**

પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7

# 2. તમારું ટેસ્ટ સેટ અપ કરો







**5** સીલ કરેલા પાઉચમાંથી ટેસ્ટ કૅસેટ કાઢો અને તેને સ્વચ્છ સમતલ સપાટી પર મૂકો.

**ચેતવણી**

એક વખત ખોલ્યા બાદ 1 કલાકની અંદર તેનો ઉપયોગ કરો, અન્યથા ટેસ્ટ નકામો થઈ જશે. સીલ કરેલા પાઉચની બહાર 1 કલાકથી વધુ સમય માટે રહેલ કૅસેટ અને પાઉચની સામગ્રી ફેંકી દો.



**6** ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબને ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ હોલ્ડરમાં મૂકો (બૉક્સના ઢાંકણ પરનો છિદ્રયુક્ત વર્તુળાકાર વિસ્તાર), જેથી પ્રવાહી ઢોળાતું ટાળી શકાય.




**7** પ્રવાહી સૅશે કાળજીપૂર્વક ફેરવીને ખોલો. તેને તમારા ચહેરાથી દૂર રાખીને ખોલો અને તેમાંથી કોઈ પ્રવાહી ઢોળાય નહિ તેની સાવધાની રાખો.

**ચેતવણી**

ઍક્સ્ટ્રેક્શન બફર એવી સામગ્રી ધરાવે છે, જે ચહેરા કે ત્વચાના સંપર્કમાં આવવાની સ્થિતિમાં ત્વચા પર ચચરાટ કરી શકે છે. જો આ દ્રાવણ ત્વચા કે આંખના સંપર્કમાં આવે તો પુષ્કળ પાણી વડે ધુઓ. જો ત્વચામાં ચચરાટ થાય તો કૃપા કરીને તબીબી સારવાર લો.




**8** ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ ખોલો અને હળવેથી સૅશેનું બધું પ્રવાહી દબાવીને ટ્યૂબમાં કાઢો.

કાળજી લો અને ખાલી પ્રવાહી સૅશેને પૂરી પાડવામાં આવેલી પ્લાસ્ટિકની કચરાની બૅગમાં મૂકો.




**9** હળવેથી ટિશ્યૂમાં તમારા નાકને ખંખેરો અને કચરાપેટીમાં ટિશ્યૂને ફેંકી દો.

જો તમે અન્ય કોઈ વ્યક્તિને મદદ કરી રહ્યા હો અથવા બાળકનો ટેસ્ટ કરી રહ્યા હો તો તેમને તેમનું નાક ખંખેરવામાં મદદ કરો અને ટિશ્યૂને બંધ કચરાપેટીમાં ફેંકી દો.




**10** સાબુ અને ગરમ પાણીનો ઉપયોગ કરીને 20 સેકંડ માટે તમારા હાથ ફરીથી બરાબર ધુઓ અથવા સૅનિટાઇઝરનો ઉપયોગ કરો.


જો તમે કોઈ વ્યક્તિને મદદ કરી રહ્યા હો અથવા બાળકનો ટેસ્ટ કરી રહ્યા હો તો તેને પોતાના હાથ ધોવામાં મદદ કરો.




**11** તમારી સમક્ષ સીલ કરેલા રૅપરમાં સ્વૅબ શોધો. નરમ, રેશમી ટોચ ઓળખો.

**અગત્યનું**

સ્વૅબની નરમ, રેશમી ટોચને અડશો નહિ. જો સ્વૅબની રેશમી ટોચને સ્પર્શ થઈ જાય તો સ્વૅબ ફેંકી દો.




**12** તમે જ્યારે ઉપયોગ માટે તૈયાર હો ત્યારે જ હળવેથી અન્ય છેડેથી સ્વૅબ પૅકેજિંગને હળવેથી ખોતરીને ખોલો.


પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7

# 3. તમારો સ્વૅબ સામ્પલ લો


**જો તમે કોઈ વ્યક્તિનો ટેસ્ટ કરી રહ્યા હો તો કૃપા કરીને પાન 11 પરની સૂચનાઓ વાંચો.**

**અગત્યનું**

માત્ર નાકના નમૂનાનો ઉપયોગ કરીને ટેસ્ટ કરવામાં આવવો જોઈએ.





**13** સ્વૅબની રેશમી ટોચ એક નસકોરાની અંદર દાખલ કરો (તમારા નાકથી લગભગ 1.5 સેમી ઉપર).




**14** વર્તુળાકાર ગતિમાં તમારા નસકોરાની અંદર સ્વૅબને હળવેથી **5 વખત** ઓછામાં ઓછી **5 સેકંડ** માટે લૂછી લો.

તેને ધીમેથી દૂર કરો. કોઈ બળ કરવું જરૂરી નથી અને તમારે તમારા નસકોરામાં અંદર દૂર સુધી ધકેલવાની જરૂર નથી. સ્વૅબને મૂળ પેપર પૅકેજિંગમાં પરત લાવશો નહિ.





**15** એ જ સ્વૅબનો ઉપયોગ કરીને સ્વૅબની રેશમી ટોચ અન્ય નસકોરાની અંદર મૂકો (જે તમારા નાકથી લગભગ 1.5 સેમી ઉપર છે.)

વર્તુળાકાર ગતિમાં તમારા નસકોરાની અંદર સ્વૅબને હળવેથી **5 વખત** ઓછામાં ઓછી **5 સેકંડ** માટે લૂછી લો.


# કોઈ અન્ય માટે ટેસ્ટ કરવો

**સલાહ**


12 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોનું ટેસ્ટ કોઈ પુખ્ત વ્યક્તિ દ્વારા કરવામાં આવવું જોઈએ. બાળકને કઈ રીતે તૈયાર કરવું અને ટેસ્ટ કેવી રીતે કરવું તે અંગે નીચેના માર્ગદર્શનનું પાલન કરો. તમે આ લિંક પર ડૅમોનો વિડીયો જોઈ શકશો [gov.uk/covid19-self-test-help](gov.uk/covid19-self-test-help)




**13** જો તમે બાળકનો ટેસ્ટ કરી રહ્યા હો તો તેને ટેસ્ટ કિટ બતાવો અને તમે શું કરવા જઈ રહ્યા છો તે વિશે વાત કરો. જો શક્ય હોય તો તેઓને કોઈના ખોળામાં બેસાડો અથવા કોઈની કહો કે તેમનો હાથ પકડી રાખે.




**14** સ્વૅબની રેશમી ટોચ તેમના નસકોરાની અંદર દાખલ કરો (1.5 સેમી સુધી) અથવા તમે અવરોધ ન અનુભવો ત્યાં સુધી દાખલ કરો. વર્તુળાકાર ગતિમાં તેઓના નાકની અંદરના ભાગ ફરતે **5 વખત** ઓછામાં ઓછી **5 સેકંડ** માટે સ્વૅબ હળવેથી ફેરવો. તેને ધીમેથી દૂર કરો. કોઈ બળ કરવું જરૂરી નથી અને તમારે તેઓના નસકોરામાં અંદર દૂર સુધી ધકેલવાની જરૂર નથી. સ્વૅબને મૂળ પેપર પૅકેજિંગમાં પરત લાવશો નહિ.




**15** આ જ સ્વૅબનો ઉપયોગ કરીને સ્વૅબની રેશમી ટોચને તેઓના અન્ય નસકોરાની બરાબર અંદર મૂકો (1.5 સેમી સુધી) અથવા તમે અવરોધ ન અનુભવો ત્યાં સુધી દાખલ કરો.


વર્તુળાકાર ગતિમાં તેઓના નાકની અંદરના ભાગ ફરતે **5 વખત** ઓછામાં ઓછી **5 સેકંડ** માટે સ્વૅબ હળવેથી ફેરવો.

પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7

# 4. સ્વૅબ નમૂના પર પ્રક્રિયા કરો

**ટિપ**

શ્રેષ્ઠ દેખાવ માટે તમારો નમૂનો એકત્ર કર્યા બાદ શક્ય તેટલી જલ્દી સ્વૅબને ટેસ્ટ કરો.




**16** ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ લો અને સ્વૅબની રેશમી ટોચ ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબમાં એવી રીતે મૂકો જેથી તે પ્રવાહીમાં રહે


તમારા અંગૂઠા અને આંગળીઓ વડે ટ્યૂબના તળિયાને ચીપટી ભરીને સ્વૅબની ટોચ ટ્યૂબની બૉડીની અંદરની બાજુ સામે સખ્તાઈથી દબાવો.

ચીપટી ભરતી વખતે સ્વૅબને ઓછામાં ઓછી 10 સેકંડ માટે ફેરવો.





**17** નૅસલ સ્વૅબને હળવેથી ઊંચકો અને ત્યારબાદ "બ્રેકપૉઇન્ટ" સ્થિતિમાં સ્વૅબને તોડો. સ્વૅબની ટોચને ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબમાં રહેવા દો.

સ્વૅબ હૅન્ડલને પૂરી પાડવામાં આવેલી પ્લાસ્ટિકની કચરાની બૅગમાં મૂકો.




**18** ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબની ઉપર ડ્રૉપર કૅપને ચુસ્તપણે બંધ કરો.



19 ટેસ્ટ કૅસેટ સ્વચ્છ અને સમતલ સપાટી પર હોય તેની ખાતરી કરો.


ટેસ્ટ દરમિયાન કૅસેટને ખસેડશો નહિ.




20 પ્રવાહીનાં 3 ટીપાં ટેસ્ટ સ્ટ્રિપ પર સૅમ્પલ વેલ (S) પર મૂકવા માટે ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબને હળવેથી દબાવો.

ખાતરી કરો કે તમે હવાનો પરપોટો નહિ પરંતુ પ્રવાહી પાડતા હો.

ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબને સાથે પ્લાસ્ટિકની કચરાની બૅગમાં મૂકો.




21 ટાઇમર શરૂ કરો અને તમારું પરિણામ વાંચો તે પહેલાં 10 મિનિટ રાહ જુઓ.

ટેસ્ટ એક વખત ચાલુ થયા બાદ તેને ખસેડશો નહિ.
10 મિનિટ બાદ પરિણામનું અર્થઘટન કરો.
20 મિનિટ બાદ તે વાંચશો નહિ.

તમે તમારા ટેસ્ટનું પરિણામ વાંચો તે પહેલાં પૂરી 10 મિનિટના ગતિવિધિના સમયની રાહ જોવી અનિવાર્ય છે.

# 5. તમારું પરિણામ વાંચો


**અગત્યનું**




તમારું પરિણામ વાંચવા માટે 10 મિનિટ રાહ જુઓ.



ટેસ્ટને 20 મિનિટથી વધુ ડેવલપ થવા માટે **છોડશો નહિ**. તેનાથી ટેસ્ટ નકામો થઈ જશે.





## પૉઝિટિવ પરિણામ

બે લાઇનો દેખાશે. એક રંગીન લાઇન કન્ટ્રોલ લાઇનના વિસ્તારમાં (C) હોવી જોઈએ અને અન્ય રંગીન લાઇન ટેસ્ટ લાઇનના વિસ્તારમાં (T) હોવી જોઈએ.

**Cની પાસેની એક લાઇન અને Tની પાસેની એક લાઇન, એમ બે લાઇનો, ઝાંખી લાઇનો પણ સૂચવે છે કે ટેસ્ટ પૉઝિટિવ છે.**


**અગત્યનું**

જો તમારો ટેસ્ટ પૉઝિટિવ આવે તો તમારે સૅલ્ફ-આઇસોલેટ થવું જોઈએ અને તમારા ઘરના લોકોએ સૅલ્ફ-આઇસોલેટ થવા વિશે સરકારી નિર્દેશોનું પાલન કરવું જોઈએ: **nhs.uk/conditions/coronavirus-covid-19/self-isolation-and-treatment/**




## નૅગેટિવ પરિણામ

એક રંગીન લાઇન કન્ટ્રોલ લાઇનના વિસ્તારમાં (C) દેખાય છે. ટેસ્ટ લાઇનના વિસ્તારમાં (T) કોઈ લાઇન દેખાતી નથી.





## અમાન્ય પરિણામ

કન્ટ્રોલ લાઇન (C) દેખાઈ શકતી નથી.

આ સૂચનાપુસ્તિકા માત્ર SureScreen SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ કૅસેટનો (નૅસલ સ્વૅબ) (ગોલ્ડ) જ ઉલ્લેખ કરે છે

# 6. તમારા પરિણામ અંગે જાણ કરો

## તમારે NHSને પૉઝિટિવ, નૅગેટિવ અથવા વૉઇડ પરિણામો રિપોર્ટ કરવાં જોઈએ




ટેસ્ટનાં બધાં પરિણામોને રેકૉર્ડ કરવાથી વૈજ્ઞાનિકોને વાઇરસની નવી મહામારીઓ શોધવામાં અને કેવી રીતે પ્રતિસાદ આપવો તેની સલાહ આપવામાં મદદ મળે છે.

જો લોકો પૉઝિટિવ પરિણામ અંગે જ જાણ કરે તો કેસનાં સ્તરો ખરેખર હોય તેના કરતાં વધારે લાગે છે. તેથી, તમારું પરિણામ નૅગેટિવ અથવા અમાન્ય હોય તો પણ તમે ખાતરી કરશો કે NHSની માહિતી ચોક્કસ રહે. તમારા પરિણામ અંગે જાણ કરવા માટે તમારે તેની નીચે એક QR કોડ, અથવા ID નંબરની જરૂર પડશે.



ઑનલાઇન રિપોર્ટ કરો (સૌથી ઝડપી).
જો તમે ઇંગ્લૅન્ડ, વેલ્સ અથવા ઉત્તર આયર્લૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ: **gov.uk/report-covid19-result**

જો તમે સ્કૉટલૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ: **covidtest.scot**




અથવા ટેલિફોનથી જાણ કરો.

જો તમે તમારું પરિણામ ઑનલાઇન રિપોર્ટ ન કરી શકો તો **119** પર કૉલ કરો (મોબાઇલ અને લૅન્ડલાઇનમાંથી મફત).

લાઇનો દરરોજ ખુલ્લી હોય છે. સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી.

પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7

# 7. તમારાં પરિણામનો શો અર્થ છે

## તમે તમારો ટેસ્ટ ત્યારે જ પૂરો કરશો, જ્યારે તમે તમારા પરિણામ અંગે જાણ કરી હોય

### પૉઝિટિવ પરિણામ

જો તમારું પૉઝિટિવ પરિણામ આવે તો એવી સંભાવના છે કે તમે COVID-19થી હાલમાં ચેપગ્રસ્ત થયા છો અને અન્ય લોકોને ચેપ લગાડો એવું જોખમ છે. તમારે સૅલ્ફ-આઇસોલેટ થવું જોઈએ. જ્યારે તમે પોતાના પરિણામ અંગે જાણ કરો ત્યારે તમને હવે પછી કયાં પગલાં લેવાં તે અંગે વધુ માહિતી આપવામાં આવશે.

**ચેતવણી**

તમારે તથા તમારી સાથે રહેતી કોઈ પણ વ્યક્તિએ હાલના રાષ્ટ્રીય અને સ્થાનિક નિર્દેશોનું પાલન કરવું જોઈએ. આ નિર્દેશો આ લિંક પરથી મળી શકશે: nhs.uk/conditions/coronavirus-covid-19/self-isolation-and-treatment/

### નૅગેટિવ પરિણામ

જો તમને નૅગેટિવ પરિણામ મળે તો એ શક્ય છે કે તમે ટેસ્ટ કરાવ્યો ત્યારે તમે કદાચ ચેપગ્રસ્ત ન હતા. જોકે, નૅગેટિવ ટેસ્ટ પરિણામથી **એવી કોઈ ખાતરી મળતી નથી કે તમને COVID-19 નથી.**

જો તમારો ટેસ્ટ નૅગેટિવ આવે તો તમારે નિયમિત હાથ ધોવા, સામાજિક અંતર રાખવું અને જ્યાં જરૂર હોય ત્યાં માસ્ક પહેરવા સહિતના રાષ્ટ્રીય અને સ્થાનિક નિયમો અને નિર્દેશોનું પાલન કરવાનું ચાલુ રાખવું જોઈએ.

જો તમને લક્ષણો જણાય તો તમારે સૅલ્ફ-આઇસોલેટ થવું જોઈએ અને gov.uk/get-coronavirus-test પર જઈને અથવા 119 પર ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરીને હાલનો હિતાવહ ટેસ્ટ કરાવવો જોઈએ. લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.

તમારે અને તમારા ઘરના લોકોએ રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરવું જોઈએ.

## અમાન્ય પરિણામ

જો તમને અમાન્ય પરિણામ મળે તો તેનો અર્થ એ છે કે ટેસ્ટ કરવામાં આવ્યો નથી અને જ્યારે ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે તમને વાઇરસ લાગેલો હતો કે નહિ તે કહેવું શક્ય નથી. તમારે પૅકમાંથી શક્ય તેટલી જલ્દી વધુ એક ટેસ્ટનો ઉપયોગ કરવાની જરૂર છે. પ્રથમ ટેસ્ટમાંથી કોઈ વસ્તુનો ફરીથી ઉપયોગ કરશો નહિ અને પગલા 1થી ટેસ્ટની કાર્યપ્રણાલી શરૂ કરો.

જો સમસ્યા ચાલુ રહે તો ટેસ્ટ કિટનો તાત્કાલિકપણે ઉપયોગ કરવાનું બંધ કરો. ટેસ્ટ કિટ્સનું નવું પૅક મંગાવવા માટે **gov.uk/get-coronavirus-test** પર જાઓ, NHS COVID-19 ઍપ દ્વારા ઑર્ડર કરો અથવા **119** પર ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરીને પૅક મંગાવો. લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.

## 8. ટેસ્ટનો દેખાવ

જો કોઈ વ્યક્તિના શરીરમાં કોરોનાવાઇરસ (COVID-19)નાં ઉચ્ચ સ્તરો હોય તો ટેસ્ટમાં પૉઝિટિવ પરિણામ આવે એવી સંભાવના વધારે હોય છે. આનો અર્થ એ છે કે જેઓ હાલમાં ચેપગ્રસ્ત હોય અને તાત્કાલિકપણે સૅલ્ફ-આઇસોલેટ થવું જેમના માટે જરૂરી હોય એવા લોકોની ઓળખ થવાની સંભાવના વધારે હોય છે.

## 9. તમારા ટેસ્ટનો સુરક્ષિત રીતે નિકાલ કરો

એક વખત તમારો ટેસ્ટ પૂરો થયા બાદ તમામ વપરાયેલી સામગ્રી પૂરી પાડેલી કચરાની બૅગમાં મૂકો અને તેને તમારા ઘરના સામાન્ય કચરામાં મૂકો.

નિકાલ બાદ તમારા હાથ બરાબર ધુઓ.

આ પુસ્તિકામાંની માહિતી (29 સપ્ટેમ્બર 2021) પ્રમાણે સાચી છે.
પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7
પ્રૉડક્ટનું નામ: SureScreen SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ કૅસેટ
(નૅસલ સ્વૅબ) (ગોલ્ડ)

# તમારા ટેસ્ટનાં પરિણામોની નોંધ બનાવો

તે તમારા પોતાના રેકૉર્ડ માટે છે. તમારે તમારા પરિણામ અંગે NHSને જાણ કરવાની રહેશે (માહિતી માટે જુઓ પાન 15).
આ લિંક પર જાઓ: **gov.uk/report-covid19-result**

જો તમે સ્કૉટલૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ: **covidtest.scot**

| ટેસ્ટ કોણે કર્યો | તારીખ | સમય | ટેસ્ટનું પરિણામ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

# તમારી કિટમાં નીચેની સામગ્રી છે

| વસ્તુઓ | 7-પૅક |
|---|---|
| ઉપયોગ માટે સૂચના (આ પુસ્તિકા) | 1 |
| સીલ કરેલા પાઉચમાં ટેસ્ટ કૅસેટ્સ | 7 |
| પ્રવાહી સૅશે (ઍક્સ્ટ્રેક્શન બફર કૂપીઓ) | 7 |
| ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ્ઝ | 7 |
| સ્વૅબ્ઝ | 7 |
| પ્લાસ્ટિકની કચરાની બૅગો | 7 |

પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7

# વધુ માહિતીનો સાર

| | |
|---|---|
| સૅલ્ફ ટેસ્ટિંગ અંગે વધારાની સહાયતા<br>ભાષાનાં વૈકલ્પિક સંસ્કરણો અને વિડીયો નિદર્શનો<br>બાળકને તૈયાર કરવા અને ટેસ્ટ કરવા માટેના નિર્દેશો | gov.uk/covid19-self-test-help |
| સૅલ્ફ આઇસોલેશન વિશે નિર્દેશો અને સારવારની માહિતી | nhs.uk/conditions/coronavirus-covid-19/self-isolation-and-treatment/ |
| COVID-19 વિશે NHSના નિર્દેશો | nhs.uk/conditions/coronavirus-covid-19 |
| જો તમને COVID-19નાં લક્ષણો હોય અને તમારી સ્થિતિ વધુ ખરાબ થાય તો અથવા તમને સાત દિવસો બાદ સ્થિતિમાં સુધારો ન જણાય તો NHS 111 ઑનલાઇન કોરોનાવાઇરસ સેવાનો ઉપયોગ કરો: | 111.nhs.uk<br><br>**અથવા જો તમારી પાસે ઇન્ટરનેટ ઍક્સેસ ન હોય તો NHS 111 પર કૉલ કરો** |
| બાળકોમાં COVID-19નાં લક્ષણો | nhs.uk/conditions/coronavirus-COVID-19/symptoms/coronavirus-in-children |
| જો કોઈ સાધન દ્વારા તમને નુકસાન થાય તો અહીં રિપોર્ટ કરો | coronavirus-yellowcard.mhra.gov.uk |
| ઑનલાઇન પરિણામ રિપોર્ટ કરો (ઇંગ્લૅન્ડ, વેલ્સ અથવા ઉત્તર આયર્લૅન્ડ): | gov.uk/report-covid19-result |
| ઑનલાઇન પરિણામ રિપોર્ટ કરો (સ્કૉટલૅન્ડ): | covidtest.scot |
| હાલના ભલામણ કરાયેલા ટેસ્ટ માટે ઑર્ડર કરો | gov.uk/get-coronavirus-test |
| કોઈ વસ્તુને નુકસાન થયું છે, તૂટી છે કે ખૂટે છે<br>ભાષા સહાયતા (બ્રિટિશ સાઇન લૅન્ગ્વિજ સહિત)<br>તમારા પરિણામ અંગે જાણ કરો (જો તમારી પાસે ઇન્ટરનેટ ઍક્સેસ ન હોય તો) | **119 પર કૉલ કરો** |

પ્રોડક્ટ કોડ: COVID19AGVCGS7

# નોંધો:

આ સૂચનાપુસ્તિકા માત્ર SureScreen SARS-CoV-2 ઍન્ટિજન રેપિડ ટેસ્ટ કૅસેટનો (નૅસલ સ્વૅબ) (ગોલ્ડ) જ ઉલ્લેખ કરે છે

પ્રોડક્ટ કોડ: COVID19AGVCGS7

NHS ટેસ્ટ ઍન્ડ ટ્રેસ પ્રોગ્રામ હેઠળ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ ઍન્ડ સોશિયલ કેયર (DHSC) ડિપ્લૉયમેન્ટના ભાગરૂપે જ આ સાધનનો સપ્લાય કરવાની પરવાનગી છે.

SureScreen Diagnostics


**ઉત્પાદક:**
SureScreen Diagnostics
1 Prime Parkway, Prime Enterprise Park,
Derby, DE1 3QB, United Kingdom (યુનાઇટેડ કિંગડમ)


સ્વૅબની માહિતી:
Zhejiang Gongdong Medical Technology Co., Ltd.
સરનામું: No.10 Beiyuan Ave., Huangyan, 318020 Taizhou, Zhejiang, People's Republic of China (ચીન ગણરાજ્ય)

CE 0123

અથવા
Jiangsu ChangFeng Medical Industry Co., LTD
સરનામું: Touqiao Town, Guangling District, Yangzhou, 225109 Jiangsu P.R. China (ચીન ગણરાજ્ય)

CE 0197

**સંજ્ઞાઓ**

- 30°C / 2°C — 2 – 30°C પર સંગ્રહ કરો
- STERILE EO — ઇથીલીન ઑક્સાઇડનો ઉપયોગ કરીને જંતુમુક્ત કરાયું
- ઉત્પાદક
- જ્યારે પૅકેજને નુકસાન થયેલ હોય ત્યારે ઉત્પાદનો ઉપયોગ કરશો નહિ
- LOT — લૉટ ક્રમાંક
- સમાપ્તિ તારીખ
- IVD — કાચની અંદરનું નિદાનાત્મક તબીબી સાધન
- સામાન્ય નિર્દેશો અને ચેતવણીઓ માટે 'ટેસ્ટ કરાવવા વિશે સલાહ' વિભાગ જુઓ
- ઉપયોગ માટે સૂચનાઓ જુઓ
- Σ 7 — 7 ટેસ્ટ માટે પૂરતી સામગ્રી ધરાવે છે
- ફરીથી ઉપયોગ કરશો નહિ
- REF — કૅટલૉગ નંબર


સંસ્કરણ 5 અમલની તારીખ 29/09/2021
આ ઉપયોગની સૂચનાઓનો સંબંધ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ કૅસેટ (નૅસલ સ્વૅબ) (ગોલ્ડ) સાથે છે, ઉત્પાદક: SureScreen Diagnostics અને પ્રૉડક્ટ કોડ: COVID19AGVCGS7